બાલાસિનોરમાં સ્ટેટ મોનિટરીંગ સેલની મેગા રેડ | આણંદ, ખેડા અને મહિસાગરના કૂખ્યાત બુટલેગરનો દારૂ પકડાયો

# બાલાસિનોરમાં પશુ આહારની આડમાં છુપાવેલો રૂ.૧.૫૬ કરોડનો દારૂ પકડાયો

**કટીંગ સમયે જ** ત્રાટકેલી પોલીસે હરિયાણાથી મંગાવેલી ૪૧ હજારથી વધુ બોટલો જપ્ત કરી



(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૩

બાલાસિનોર જીઆઈડીસી વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગરની ટીમે એક ગોડાઉન પર ઓચિંતો દરોડો પાડીને આંતરરાજ્ય દારૂની હેરાફેરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ દરોડામાં પશુ આહારની બોરીઓની આડમાં હરિયાણાથી આઈશર ટેમ્પોમાં છુપાવીને લાવવામાં આવેલો રૂ. ૧.૫૬ કરોડની કિંમતનો વિદેશી દારૂનો મસમોટો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે.

સ્ટેટ મોનિટરીંગ સેલના આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર નિલેષભાઈ પાટીલને સચોટ બાતમી મળી હતી કે બાલાસિનોર જીઆઈડીસીના પ્લોટ નંબર I-૨ અને I-૩ માં આવેલા ગોડાઉનમાં દારૂનું કટિંગ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે શનિવાર-રવિવારની મધ્યરાત્રિએ દરોડો પાડ્યો હતો. આશ્ચર્યજનક બાબત એ છે કે, પોલીસ જ્યારે ત્રાટકી ત્યારે ગોડાઉનમાં આઈશર ટેમ્પોમાંથી દારૂના બોક્સ ઉતારીને ઈકો ગાડી અને મોપેડમાં ભરવાની પ્રક્રિયા ચાલતી હતી. જોકે, પોલીસને જોઈને બુટલેગરો અને મજૂરોમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં કેટલાક ઈસમો દિવાલ કૂદીને ભાગ્યા હતા, જોકે પોલીસે પીછો કરીને ૯ શખસને સ્થળ પરથી દબોચી લીધા હતા.

એસએમસીની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ દારૂનો જથ્થો હરિયાણાથી પશુ આહારની બોરીઓની પાછળ વ્યવસ્થિત રીતે છુપાવીને લાવવામાં આવ્યો હતો જેથી ચેકપોસ્ટ પર શંકા ન જાય. આ જથ્થો બાલાસિનોરના મનિષ મહેડા અને તેના સાથીદારોએ મંગાવ્યો હોવાનું અને મિત શુક્લા નામના શખ્સે ગોડાઉન ભાડે રાખ્યું હોવાનું તપાસમાં ખુલ્યું છે. પોલીસે સ્થળ પરથી હરિયાણાના ડ્રાઈવર સત્યેન્દ્રપાલ યાદવ, ક્લીનર સાહિલ પાંચાલ, ગોડાઉન રાખનાર મિત શુક્લા અને અન્ય મજૂરો સહિત કુલ ૯ શખ્સોને ઝડપી લીધા છે.

આ ગુનામાં મુખ્ય સૂત્રધાર મનિષ જગદીશભાઈ મહેડા, પિન્ટુકુમાર ઉર્ફે જીજાજી ભોઈ, કાનજી ઉર્ફે કાન્લો પરમાર અને દિલ્હીથી દારૂ ભરાવી મોકલનાર રાકેશસિંગ જાટ સહિત કુલ ૧૬ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## વડતાલધામ ખાતે દેવોને ૩૦૦ કિલો આલુનો અન્નકૂટ ધરાવાયો



વડતાલ ધામમાં પરંપરાગત શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે 'આલુ ઉત્સવ' ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડતાલના નિજ મંદિરમાં બિરાજતા લક્ષ્મીનારાયણ દેવ, રણછોડજી મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, રાધા કૃષ્ણ દેવ તથા ધર્મભક્તિ વાસુદેવ સમક્ષ 300 કિલો આલુનો મનોરથ ધરાવવામાં આવ્યો હતો. વડતાલ મંદિરના ચેરમેન ડોક્ટર સંત વલ્લભદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, હરિભક્તો દ્વારા દેવોના રાજીપા અર્થે ઋતુ પ્રમાણે વિવિધ ફળો ધરાવવાની પરંપરા છે. મંદિરના કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામીની પ્રેરણાથી આ ઉત્સવમાં યજમાન પદે પ.ભ. ધીરજલાલ મોહનલાલ રૂપારેલીયા હસ્તે આનંદભાઈ તથા જતીનભાઈ રહ્યા હતા. આ સમગ્ર ઉત્સવનું સફળ આયોજન આસિસ્ટન્ટ કોઠારી ગુણ સાગર સ્વામી તથા હીરા ભગતે કર્યું હતું.

મહીસાગર પોલીસ બેડામાં સપાટો | બદલીનો ગંજીપો ચિપાયો

# બાલાસિનોર ટાઉન PIને લીવ રિઝર્વમાં મુકી દેવાયાં

**મહિસાગર** જિલાના ૧૩ પોલીસ સબ ઇન્સ્પેક્ટરની સાગમટે બદલી કરી કડક સંદેશ અપાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૩

મહીસાગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવા અને દારૂબંધીના કડક અમલ માટે જિલ્લા પોલીસ વડા સફિન હસને લાલ આંખ કરી છે. બાલાસિનોરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા પાડવામાં આવેલા દરોડામાં ૧.૫૬ કરોડનો વિદેશી દારૂ ઝડપાયા બાદ, ફરજમાં નિષ્કાળજી બદલ એસ.પી.એ ત્વરિત કાર્યવાહી કરી પોલીસ તંત્રમાં મોટા પાયે ફેરફારો કર્યા છે.

મહિસાગર જિલ્લા પોલીસ વડા સફિન હસને પોતાની 'ઝીરો ટોલરન્સ' નીતિ અંતર્ગત બાલાસિનોર ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર બી. એમ. પટેલને તાત્કાલિક અસરથી લીવ રિઝર્વમાં મૂકી દીધા છે. તેમના સ્થાને મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. ડી. ગઢવીને બાલાસિનોર ટાઉનનો મહત્વનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

આ ઉપરાંત, સમગ્ર જિલ્લામાં પોલીસ કામગીરીને વધુ ગતિશીલ બનાવવા માટે ૧૩ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની વ્યુહાત્મક બદલી કરવામાં આવી છે. જેમાં લુણાવાડા, સંતરામપુર, કોઠંબા, વિરપુર અને બાકોર સહિતના વિસ્તારોના અધિકારીઓનો સમાવેશ થાય છે. આ બદલીઓ દ્વારા એસ.પી.એ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે કાયદાનું પાલન કરાવવામાં કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.

આ આક્રમક કાર્યવાહીથી જિલ્લાના બુટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ નિર્ણાયક પગલાંને કારણે સ્થાનિક નાગરિકોમાં સુરક્ષાની ભાવના પ્રબળ બની છે.

# મહેમદાવાદ પોલીસની ઉંઘ હરામ કરનારો તસ્કર ઝબ્બે

**ફાર્મ હાઉસ** સહિત કુલ 4 ચોરીના ભેદ ઉકેલાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

મહેમદાવાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી વિવિધ દુકાનો અને ફાર્મ હાઉસના તાળા તોડી લાખો રૂપિયાની મત્તા ચોરી જનાર એક રીઢા ગુનેગારને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.

મહેમદાવાદ તાલુકાના આમસરણ પાટિયા પાસે આવેલા ઈશ્વર ફાર્મ તેમજ ખાત્રજ ચોકડી પાસેની શ્રીનાથ રેસીડેન્સીની દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. આ વણઉકેલાયેલા ગુનાઓને ઉકેલવા ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એ.જી. રાઠોડ અને સર્વેલન્સ સ્કોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ જવાનોને મળેલી સંયુક્ત બાતમીના આધારે શંકાસ્પદ હાલતમાં સ્પ્લેન્ડર બાઈક સાથે જઈ રહેલા વિષ્ણુભાઈ ઉર્ફે રાજુ દલપતસિંહ સોઢાને અટકાવી પૂછપરછ કરતા તેણે ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

આ અંગે પોલીસે પૂછપરછ કરતાં વિષ્ણુભાઈ સોઢા દિવસ દરમિયાન બંધ મકાનો અને દુકાનોની રેકી કરતો હતો અને રાત્રિના સમયે કટર, હથોડી અને ટોમી જેવા હથિયારો વડે તાળા તોડી ચોરીને અંજામ આપતો હતો. પોલીસે તેની પાસેથી 2200 મીટર જેટલા ઈલેક્ટ્રિક વાયરના બંડલ, સ્વીચો, સોકેટ, 27,000 રોકડા અને 30,000ની કિંમતનું ચોરાયેલું મોટરસાયકલ મળી કુલ 2.13 લાખથી વધુનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

# હોમિયોપેથી ક્ષેત્રે 'ગવર્નર ઓફ ગુજરાત સ્કોલરશીપ'નો પ્રારંભ

**રાજ્યપાલ** દ્વારા રૂ. ૩ લાખનું અનુદાન, શ્રેષ્ઠ ૫ પ્રતિભાને સ્કોલરશીપ અપાઇ



(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હોમિયોપેથી વિજ્ઞાન પ્રત્યેના વિશેષ અનુરાગના પરિણામે પ્રથમવાર આ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે એક વિશિષ્ટ સ્કોલરશીપ યોજના શરૂ કરવામાં આવી છે. રાજ્યપાલ અને તેમના પરિવાર દ્વારા આપવામાં આવેલા રૂ. ૩ લાખના ડોનેશનના સહયોગથી હોમિયોપેથી શિક્ષણ અને સેવાકીય પ્રવૃત્તિઓને નવો વેગ મળશે.

રાજ્યમાં પ્રથમવાર રાજ્યના રાજ્યપાલ દ્વારા હોમિયોપેથી ક્ષેત્રે સેવા કાર્યો માટે ડોનેશન આપવામાં આવ્યું છે, જેના માધ્યમથી ડો. કૃતિક શાહ દ્વારા "ગવર્નર ઓફ ગુજરાત સ્કોલરશીપ ફોર હોમિયોપેથીક સ્ટુડન્ટ્સ"નો પ્રારંભ કરાયો છે. તાજેતરમાં હોમિયોપેથીના સ્થાપક ડો. સેમ્યુઅલ હનીમેનની જન્મજયંતી નિમિત્તે 'સેમ્યુઅલ હનીમેન સ્કોલર ક્વેસ્ટ-૨૦૨૬' યોજાઈ હતી. આ સ્પર્ધામાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન ત્રણ હોમિયોપેથીક કોલેજોના અંદાજે ૫૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય અતિથિ સાંસદ મિતેશભાઈ પટેલ (બકાભાઈ), વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. નિરંજનભાઈ પટેલ અને કેન્સર સર્જન ડૉ. શૈલેષભાઈ શાહના હસ્તે સ્પર્ધાના શ્રેષ્ઠ ૫ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. આ સ્કોલરશીપ ઉપરાંત, રાજ્યપાલના આ સહયોગથી જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે અને રાહત દરે અપાતી હોમિયોપેથીક સારવારની પ્રવૃત્તિઓને વધુ સઘન બનાવવામાં આવશે. આ કાર્યક્રમમાં ૮૦થી વધુ હોમિયોપેથીક ડૉક્ટરોએ પણ હાજરી આપી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના બાકરોલની સ્પેક કોલેજ દ્વારા 'કોશાંભ મલ્ટીટ્રેડ' ખાતે ઔદ્યોગિક મુલાકાતનું આયોજન

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ની બી.બી.એ. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે 'કોશાંભ મલ્ટીટ્રેડ પ્રા. લિ.' ખાતે ઔદ્યોગિક મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાતમાં નિષ્ણાત હિમાંશુ પટેલે વિદ્યાર્થીઓને ઉદ્યોગના પડકારો, રોજગારની તકો અને વ્યાવસાયિક કૌશલ્યો અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને ટીમ દ્વારા આયોજિત આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા ટ્રસ્ટીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.




### કપડવંજ ખાતે વણકર સમાજની કારોબારી બેઠકમાં દાતાનું સન્માન કરાયું



**કપડવંજ |** કપડવંજ સ્થિત વણકર સમાજ ભવન ખાતે સવાસો પરગણા વણકર સમાજ સેવા પ્રગતિ મંડળની કારોબારી સભા પ્રમુખ ગિરીશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં તેલનારના વતની અને નિવૃત્ત શિક્ષક મનુભાઈ ભુલાભાઈ રાઠોડે સમાજ સેવા માટે રૂ. ૧,૦૧,૧૧૧નું માતબર દાન અર્પણ કર્યું હતું. મંડળના હોદ્દેદારો દ્વારા મનુભાઈનું સાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સૌ આગેવાનોએ આ દાતારીને તાળીઓથી વધાવી લીધી હતી. આ સભાના અંતે તમામ સભ્યોએ સાથે મળીને સ્વરુચિ ભોજન લીધું હતું.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદની એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજમાં 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉજવણી કરવામાં આવી




**આણંદ |** સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ (ઓટોનોમસ) ખાતે 'વિશ્વ વસ્તી દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય પ્રો. પ્રશાંત પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા ડો. વિજય જરીવાલાએ વસ્તીને માનવજાતની વિકાસ ગતિ માટેનું મહત્વનું પરિબળ ગણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને વિશ્વના વિવિધ દેશોમાં વસ્તીનું વયજૂથનું માળખું અને તેના બદલાતા વલણો અંગે ખૂબ જ રસપ્રદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અર્થશાસ્ત્ર વિભાગના કુલ ૧૪૮ જેટલા વિદ્યાર્થીઓએ હાજર રહી મહત્વની જાણકારી મેળવી હતી.

### લુણાવાડામાં હવેલી બારીયા સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

**લુણાવાડા |** લુણાવાડા ખાતે હવેલી બારીયા સમાજ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક (SP) સફીન હસને મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને કારકિર્દીમાં ઉચ્ચ શિખરો સર કરવા પ્રેરણાદાયી માર્ગદર્શન અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ માલિવાડ સહિત સામાજિક-રાજકીય અગ્રણીઓ, ટ્રસ્ટીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરી તેમને શૈક્ષણિક પ્રગતિ ચાલુ રાખવા પ્રોત્સાહિત કરાયા હતા.




### લુણાવાડાના થાણાસાવલી શાળામાં ઉત્સાહભેર બાળ સંસદની ચૂંટણી યોજાઈ

**લુણાવાડા |** મહીસાગરના લુણાવાડાની થાણાસાવલી પગારકેન્દ્ર શાળામાં શિક્ષક નિરવકુમાર પંચાલના માર્ગદર્શન હેઠળ લોકશાહી ઢબે બાળ સંસદની ચૂંટણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીમાં ધોરણ ૩ થી ૮ ના ૯૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું, જેમાં ક્રિષ્નાબેન સોલંકી મહામંત્રી અને જયદીપકુમાર ઉપમંત્રી તરીકે વિજેતા થયા. શાળાના શિક્ષકો દ્વારા વિજેતા ઉમેદવારોને હાર પહેરાવી, મોં મીઠું કરાવી અને વિવિધ ખાતાઓની ફાળવણી કરી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઢોલ-નગારાના તાલે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓમાં ભારે આનંદ જોવા મળ્યો, જેનાથી બાળકોમાં નેતૃત્વ અને લોકશાહી મૂલ્યોની ભાવના વિકસી છે.



### નડિયાદમાં નિપુણ ભારત મિશન અંતર્ગત બાળકોને શૈક્ષણિક કીટ અને નાસ્તાનું વિતરણ કરાઇ

**નડિયાદ |** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે નડીઆદમાં 'નિપુણ ભારત મિશન' હેઠળ બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સુનિશ્ચિત કરવાના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. અનહદ ધારા સેવા સંસ્થાના સહયોગથી ઋષભ જોશી અને દ્રષ્ટી ત્રિવેદીએ શાળાના બાળકોને પાયાની શૈક્ષણિક સંકલ્પનાઓનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું. આ અભિયાનના ભાગરૂપે શાળાના તમામ બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે શૈક્ષણિક કીટ તથા પૌષ્ટિક નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય સંજય વાઘેલાએ સહયોગ આપવા બદલ બંને યુવા સેવકોનો આભાર વ્યક્ત કર્યો હતો.



### કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે 'વાર્તા કથન' સ્પર્ધાનું આયોજન કરાયું

**કપડવંજ |** કપડવંજ સ્થિત જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે હિન્દી અને અંગ્રેજી ભાષામાં વાર્તા કથન સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પ્રેરણાદાયી અને નૈતિક મૂલ્યો આધારિત વાર્તાઓ ઉત્તમ ઉચ્ચાર, હાવભાવ અને આત્મવિશ્વાસપૂર્વક રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ વિદ્યાર્થીઓમાં વાંચનની આદત, ભાષાકૌશલ્ય અને જાહેરમાં બોલવાની કળા વિકસે તેવા મુખ્ય હેતુ સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના ડિરેક્ટર સિદ્ધાર્થ પટેલ અને આચાર્યે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતાં.




### કપડવંજમાં આરએસએસ દ્વારા 'સ્વ-બોધ' વિષય પર પ્રમુખ જન ગોષ્ઠિનું આયોજન કરાયું




**કપડવંજ |** કપડવંજની સવાસો ગોળ સમાજવાડીમાં આયોજિત આ ગોષ્ઠિમાં કપડવંજ અને આતરસુબા વિસ્તારના ૧૬૫થી વધુ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા સંજયભાઈ પટેલે સ્વ-ભાષા, સ્વ-ભોજન અને સ્વ-ભ્રમણ જેવા 'સ્વ-બોધ'ના વિષયો પર ભારતીય મૂલ્યો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોને ભારતીય પરંપરાના સંસ્કાર આપવા અને સ્વયં તેનું પાલન કરી આદર્શ બનવા હાકલ કરી હતી. વિભાગ સંઘચાલક રસિકભાઈ પટેલ અને જિલ્લા કાર્યવાહની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું.

### ગુજરાતની પ્રથમ એઆઈ આધારિત ડિજિટલ મેમોગ્રાફી કૃષ્ણ હોસ્પિટલ ખાતે સિસ્ટમ કાર્યરત



**આણંદ |** સ્તન કેન્સરના વહેલા નિદાન માટે કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે ડો. શિવાની ભટ્ટ ચેરિટેબલ ફાઉન્ડેશનના સહયોગથી ગુજરાતની સૌપ્રથમ એઆઈ સજ્જ ડિજિટલ મેમોગ્રાફી સિસ્ટમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ અત્યાધુનિક મશીન ઓછા રેડિયેશન અને હાઈ-રિઝોલ્યુશન ઇમેજિંગ દ્વારા સ્તન કેન્સરના નિદાનને વધુ સચોટ, ઝડપી અને દર્દી માટે આરામદાયક બનાવશે. વર્ષ 2025 સુધીમાં ભારતમાં સ્તન કેન્સરના કેસોમાં મોટા વધારાની શક્યતા વચ્ચે આ ટેકનોલોજી મહિલા આરોગ્ય અને પ્રિવેન્ટિવ હેલ્થકેર માટે પાયાનું પગલું સાબિત થશે. આ પહેલ અંતર્ગત જનજાગૃતિ લાવવાના હેતુથી હોસ્પિટલ દ્વારા દર મહિને 11 આર્થિક રીતે વંચિત મહિલાઓને નિ:શુલ્ક મેમોગ્રાફી સ્ક્રીનિંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે.

**સાયલા ગ્રામ પંચાયત**
**જાહેર હરાજી**
આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે સાયલા તા. માતર જી. ખેડા ગામે આવેલ જર્જરીત પાણીની ટાંકીના બાંધકામના કાટમાળની જાહેર હરાજી તા. ૧૫-૦૭-૨૦૨૬ના બુધવારે બપોરે ૧-૦૦ કલાકે ગ્રા.પં. સાયલા મુકામે રાખેલ છે. હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
તલાટી કમ મંત્રી, સાયલા ગ્રામ પંચાયત, તા. માતર જિ. ખેડા
સરપંચશ્રી, સાયલા ગ્રામ પંચાયત, તા. માતર જિ. ખેડા

**ગ્રામ પંચાયત નધાનપુર**
**જાહેર નિવિદા**
આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, મોજે નધાનપુર તા. માતર ગામે આવેલ જર્જરીત પાણીની ટાંકીના બાંધકામના કાટમાળની જાહેર હરાજી તા. ૧૭-૦૭-૨૦૨૬ના શુક્રવારે બપોરે ૧-૦૦ કલાકે ગ્રા.પં. નધાનપુર મુકામે રાખેલ છે. હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
સરપંચશ્રી, નધાનપુર ગ્રામ પંચાયત, તા. માતર જિ. ખેડા
તલાટી કમ મંત્રી, નધાનપુર ગ્રામ પંચાયત, તા. માતર જિ. ખેડા